# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 21-09-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી

સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકાના ત્રણ દિવસ પ્રવાસે રવાના – ચોથા વાર્ષિક ક્વાડ શિખર સંમેલનમાં ભાગ લેશે.
- ✓ આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા આતિશી અને અન્ય પાંચ કેબિનેટ મંત્રી આજે શપથ ગ્રહણ કરશે.
- ✓ જમ્મૂ કાશ્મીરમાં બીજા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું.
- ✓ શ્રીલંકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે.
- ✓ જાપાનમાં, ભારે વરસાદને પગલે 30,000 લોકોને સ્થળાંતર કરાયા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

***NEW MORN PM US-VISIT***

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે અમેરિકાના ત્રણ દિવસની મુલાકાતે જવા રવાના થયા છે. આ મુલાકાત દરમિયાન શ્રી મોદી ઘણી ઉચ્ચ સ્તરીય બેઠકોમાં ભાગ લેશે.

પ્રધાનમંત્રી ડેલાવેરના વિલ્મિંગ્ટનમાં ચોથા વાર્ષિક ક્વાડ શિખર સંમેલનમાં ભાગ લેશે. આ સંમેલનનું આયોજન અમેરિકના રાષ્ટ્રપતિ જો બાઈડેન કરી રહ્યા છે. આ પરિષદમાં આબોહવા પરિવર્તનથી લઈને મહત્વની ઉભરતી ટેક્નોલોજી સુધીના મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે. પ્રધાનમંત્રી મોદી અમેરિકના રાષ્ટ્રપતિ જો બાઈડેન સહિત ક્વાડ જૂથના અન્ય નેતાઓ સાથે દ્વિપક્ષીય મંત્રણા પણ કરશે. ભારત આવતા વર્ષે ક્વાડ શિખર સંમેલનનું આયોજન કરશે.

અમેરિકાની મુલાકાતે જતા પહેલા પ્રધાનમંત્રી કહ્યું હતું કે તેઓ ક્વાડ પરિષદમાં તેમના સાથીદારો અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન, ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ અને જાપાનના પ્રધાનમંત્રી ફ્યુમિયો કિશિદા સાથે વાતચીત કરવા આતુર છે. તેમણે કહ્યું હતું કે આ જૂથ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે સમાન વિચાર ધરાવતા દેશોના પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે.

અમેરિકી રાષ્ટ્રપતિ સાથેની તેમની મુલાકાત અંગે શ્રી મોદીએ કહ્યું કે આ બેઠક બંને દેશો વચ્ચે વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

ક્વાડ પરિષદમાં હાજરી આપ્યા બાદ શ્રી મોદી  આવતીકાલે ન્યુયોર્ક જશે અને ભારતીય સમુદાયને સંબોધશે. તેઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને સેમિકન્ડક્ટર સહિતની ઉભરતી ટેક્નોલોજીમાં બંને દેશો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવા માટે ટોચની અમેરિકી કંપનીઓના સીઈઓ સાથે પણ વાતચીત કરશે.

શ્રી મોદી તેમની મુલાકાતના છેલ્લા દિવસે ત્રેવીસમી સપ્ટેમ્બરે ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સમિટ ઓફ ધી ફ્યુચર એટલે કે ભવિષ્યના શિખર

સંમેલનને સંબોધિત કરશે. આ પરિષદની વિષયવસ્તુ છે – સારા ભવિષ્ય માટે બહુપક્ષીય સમાધાન.

શિખર સંમેલનથી અલગ પ્રધાનમંત્રી મોદી ઘણા વૈશ્વિક નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરશે અને પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

## *BJP PM*

હરિયાણામાં વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષો મતદારોને રિઝવવા પ્રયાસ કરી રહ્યા છે. દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 26મી સપ્ટેમ્બરે મેરા બૂથ સબસે મજબૂત કાર્યક્રમ અંતર્ગત ભાજપના કાર્યકરો અને સ્વયંસેવકો સાથે સંવાદ કરશે. કાર્યક્રમ દરમિયાન તેઓ કાર્યકર્તાઓ સાથે નમો એપ વિશે વાત કરશે. શ્રી મોદીએ કાર્યકર્તાઓને તેમના પ્રશ્નો અને સૂચનો મોકલવા જણાવ્યું છે.

## *REV DELHI CM-ATISHI*

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા આતિશી આજે દિલ્હીના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ આજે રાજ નિવાસ ખાતે યોજાશે, જ્યાં દિલ્હીના ઉપરાજ્યપાલ વિનયકુમાર સક્સેના આતિશી અને તેમની મંત્રી પરિષદના સભ્યોને શપથ લેવડાવશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શપથગ્રહણની તારીખથી આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા આતિશીને દિલ્હીના મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યા છે. રાષ્ટ્રપતિએ પાંચ મંત્રીઓની નિમણૂકને પણ મંજૂરી આપી છે. જેમાં ગોપાલ રાય, કૈલાશ ગેહલોત, સૌરભ ભારદ્વાજ, ઈમરાન હુસૈન અને મુકેશ અહલાવતનો સમાવેશ થાય છે.

સુશ્રી આતિશી કોંગ્રેસના શીલા દીક્ષિત અને ભાજપના સુષ્મા સ્વરાજ પછી દિલ્હીના ત્રીજી મહિલા મુખ્યમંત્રી બનશે.

## *J&K-CAMPAIGNING*

જમ્મૂ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. આ તબક્કામાં છ જિલ્લાની 26 બેઠકો પર આ મહિનાની 25મી તારીખે મતદાન થશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મેંઢરમાં ચૂંટણી સભાનું સંબોધન કર્યું હતું. આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે અમારી સરકાર કાશ્મીર આતંકવાદીઓને ખાત્મો કરવા તેમજ પારિવારિક રાજકારણને ખતમ કરવા પ્રતિબદ્ધ છે. આ પ્રસંગે તેમણે કાશ્મીરના પ્રાદેશિક પક્ષો સામે પ્રહાર કર્યા હતા.

આવતીકાલે, શ્રી શાહ ઉધમપુર પૂર્વ મતવિસ્તારના નૌશેરા અને મજલતા ખાતે રેલીઓને સંબોધિત કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા આવતીકાલે જમ્મુમાં રોડ શૉ કરશે અને બે જાહેરસભાઓને સંબોધશે. રક્ષા મંત્રી રાજનાથ સિંહ આવતીકાલે અને આ મહિનાની 25મીએ શ્રેણીબદ્ધ જાહેર સભાઓને પણ સંબોધિત કરશે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સોમવારે પૂંચ અને શ્રીનગરમાં ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે. તો નેશનલ કોન્ફરન્સના પ્રમુખ અને જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ડૉ. ફારૂક અબ્દુલ્લા સોમવારે ઝૈનાકોટ ખાતે રેલી કરે તેવી શક્યતા છે.

## *MAHA- CM CLEAN UP CAMPAIGN*

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન માટેના કેન્દ્રીય કેબિનેટ મંત્રી ભૂપેન્દ્ર યાદવે આજે મુંબઈમાં જુહુ ચોપાટી ખાતે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સફાઈ ઝુંબેશ અને અને ચાલી રહેલા 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણન, મુખ્યમંત્રી એકનાથ શિંદે સહિત મુંબઈના નેતાઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ તમામ ઉપસ્થિતોને સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## *IMD WEATHER*

આગામી 3 દિવસ દરમિયાન દેશના પશ્ચિમ, ઉત્તરપૂર્વ અને દક્ષિણ ભાગોમાં વરસાદની આગાહી છે. હવામાન વિભાગે આંદામાન અને નિકોબાર ટાપુઓ અને તેલંગાણામાં ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત 25 સપ્ટેમ્બર સુધી મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ, ગોવા, ગુજરાત અને મરાઠવાડામાં ભારે વરસાદની શક્યતા છે. તો 26 સપ્ટેમ્બર સુધી ઓડિશા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદની સંભાવના છે.

## *SRI LANKA ELECTION*

શ્રીલંકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે. નવમા કાર્યકારી પ્રમુખને ચૂંટવા માટે 1.7 કરોડથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકાશે. વર્તમાન રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે અને વિપક્ષી નેતા સાજીથ પ્રેમદાસાએ આજે સવારે મતદાન કર્યું હતું. મતદાન કર્યા બાદ શ્રી વિક્રમસિંઘે કહ્યું કે લોકશાહીનું રક્ષણ કરવું જરૂરી છે અને લોકતાંત્રિક પ્રણાલીઓ તૂટવા ન દેવી જોઈએ. શ્રી પ્રેમદાસાએ કહ્યું કહ્યું કે લોકશાહીનો વિજય થશે, તેમણે દરેકને શાંત રહેવા અને લોકશાહીનું રક્ષણ કરવા હાકલ કરી. 13,400થી વધુ મતદાન કેન્દ્રો પર સવારે 7 વાગ્યાથી મતદાન શરૂ થયું અને સાંજે 4:30 વાગ્યા સુધી ચાલશે. સાંજ પછી મતગણતરી શરૂ થશે.

# JAPAN-RAIN

જાપાનમાં, દેશના મધ્ય ભાગમાં આવેલા બે શહેરોના લગભગ 30,000 લોકોને સ્થળાંતર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ભારે વરસાદને કારણે સર્જાયેલી પૂરની સ્થિતિને કારણે હવામાન વિભાગ દ્વારા આ આદેશ આપવામાં આવ્યો છે. વાજિમા શહેરના લગભગ 18 હજાર અને સુજુ શહેરના 12 હજાર લોકોને હોન્શુ ટાપુના ઇશિકાવા પ્રાંતમાં આશ્રય લેવાનું કહેવામાં આવ્યું છે.

# MIDDLE CLASS- 100 DAYS

મોદી સરકારે ત્રીજી વખત સત્તામાં આવ્યા બાદ આ સમયગાળા દરમિયાન, સરકારે મધ્યમ વર્ગ, માળખાકીય, ખેડૂતો, મહિલાઓ અને યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કરીને 15 લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે. દેશમાં મધ્યમ વર્ગના સશક્તિકરણ માટે સરકારે અનેક પગલાં લીધાં છે. અમારા સંવાદદાતા જણાવે છે કે નરેન્દ્ર મોદી સરકારે મધ્યમ વર્ગને ઉચ્ચ પ્રાથમિકતા આપી છે. સાત લાખ સુધીની આવક કરમુક્ત છે અને ઉચ્ચ કપાતમાં 50 હજારથી 75 હજાર રૂપિયા સુધીનો વધારો કરવાથી કરોડો કરદાતાઓને ફાયદો થાય છે. આવકવેરા કાયદાની વ્યાપક સમીક્ષા તેને સરળ બનાવવા અને તેને લોકો માટે અનુકૂળ બનાવવા માટે શરૂ કરવામાં આવી છે. મોદી સરકારે યુનિફાઇડ પેન્શન સ્કીમ હેઠળ કેન્દ્ર સરકારના 23 લાખ કર્મચારીઓને 50 ટકા પેન્શનની ખાતરી આપી છે.

મધ્યમ વર્ગને રાહત આપવા માટે સોના, ચાંદી પર જકાત ઘટાડીને છ ટકા અને પ્લેટિનમ પર 6.4 ટકા કરવામાં આવી છે. PM સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ

3.5 લાખ ઘરોમાં સોલાર સિસ્ટમ લગાવવામાં આવી છે જે મધ્યમ વર્ગ માટે બચતમાં વધારો કરી રહી છે.

## UKRAINE TELEGRAM

યુક્રેનના સરકારી અધિકારીઓ સૈન્ય કર્મચારીઓને અપાયેલા મોબાઇલ સહિતના ઉપકરણોમાં ટેલિગ્રામ એપના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. યુક્રેને રશિયા દ્વારા જાસુસીની આશંકાને પગલે આ નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે આ પ્રતિબંધની જાહેરાત કરી હતી. જોકે આ પ્રતિબંધ યુક્રેનના નાગરિકોને લાગુ નહીં પડે.

## PURI-BRAZIL VISIT

ભારત અને બ્રાઝિલે ઉર્જા ક્ષેત્રમાં ચાલી રહેલા સહકાર અને દ્વિપક્ષીય વેપારમાં પરસ્પર ફાયદાકારક સંબંધો અને ટકાઉ ઇંધણ, ખાસ કરીને બાયોફ્યુઅલમાં જોડાણની સમીક્ષા કરી. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરી અને બ્રાઝિલના ખાણ અને ઉર્જા મંત્રી એલેક્ઝાન્ડ્રે સિલ્વેરાની બેઠક બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં આ વાત કહેવામાં આવી છે.

શ્રી પુરી ગુરુવારથી બ્રાઝિલની ત્રણ દિવસની મુલાકાતે છે. બેઠક દરમિયાન, બંને પક્ષોએ બ્રાઝિલમાં ભારતીય કંપનીઓની હાજરી વધારવા માટે સંભવિત તકોને ઓળખવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તેમાં રોકાણની નવી તકોનો પણ સમાવેશ થશે. બંને નેતાઓએ ભારત અને બ્રાઝિલ વચ્ચે વેપાર વધારવા માટે નવીનતાઓ દ્વારા નવા રસ્તાઓ શોધવા અંગે પણ વાત કરી હતી.

બંને દેશોએ આવતા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં યોજાનાર ઈન્ડિયા એનર્જી વીક 2025માં ઈન્ડિયા-બ્રાઝિલ ક્લીન કૂકિંગ મિનિસ્ટ્રીયલ મીટિંગનું આયોજન કરવા પર

પણ ધ્યાન કેન્દ્રિત કર્યું. આ પરિષદનો ઉદ્દેશ્ય રસોઈ માટે સ્વચ્છ ઉર્જાનો ઉપયોગ કરવા માટે સહયોગી માર્ગો શોધવાની તક પૂરી પાડશે.

## *TYPHOON YAGI-UN AID*

સંયુક્ત રાષ્ટ્રએ  ચક્રવાતી વાવાઝોડું યાગીના કારણે થયેલા નુકસાનને પગલે વિયેતનામ સરકારને 20 લાખ અમેરિકી ડોલર  ફાળવ્યા છે.

આ રકમ આંતરરાષ્ટ્રીય પ્રવાસીય સંગઠન, સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ અને સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય બાળ આપાતકાલીન કોષ દ્વારા આપવામાં આવશે. અસરગ્રસ્ત પ્રાંતો યેન બાઈ અને લાઓ કાઈમાં તાત્કાલિક જરૂરિયાતોને પહોંચી વળવા સૂચનાઓ આપવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે આ વાવાઝોડાને કારણે અત્યાર સુધીમાં 290 થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે 237 હજાર ઘરોને નુકસાન થયું છે અને 30 લાખ લોકો તેનાથી પ્રભાવિત છે.